## A P P E N D I X -7

Interview Schedule :

1. Self Introduction હું યુનિ. માં પી.એચ.ડી. માટે અભ્યાસ કરું છું. મારા અભ્યાસ માટે મને બાળકોના સ્કૂલ અને ઘર વિશે માહિતી મેળવી છે. જો . તમને અત્યારે સમય (ટાઇમ) હોય તો હું તમને કંઇ પૂછી શકું ? કદાચ જરા વધારે સમય લાગે ..... તમને વાંધો નથી ને ?

(Nos. of item for which the Question is asked are alongwitn)

(For Home Envt. Scale)

Section - I (Background Information)

.........ના પપ્પા ક્યાં કામ કરે છે ? પપ્પા શું છે ત્યાં / શું કરે છે ? એ શું ભણ્યા છે ? પપ્પાનું નામ ને ઉંમર જરા બતાવશો ?

તમે શું કરો છો, નોકરી કરો છો ? તમે ક્યાં સુધી ભણ્યા છો ? તમારું નામ ને ઉંમર....

..........ને કેટલા ભાઇ-બહેન છે, એ સૌથી નાનો, મોટો કે વચલો છે ?
..........ના ભાઇ-બહેન શું કરે છે ?

ઘરમાં બીજું કોણ - કોણ રહે છે. (બાળકો સહિત) બધા ભેગા રહો છો ? (એમનો બાળક જોડેનો સબંધ) એમનું ભણતર, આમાં મેળવતા કે નોકરિયાત કેટલા છે, ભણતા કેટલા છે, (બધાનું ભણતર જાણી લેવું)

| મોટા (સબંધ ) | ઉંમર | ઘરમાં જ હોય /નોકરિયાત/વિધાર્થી (ખાસ કરીને સ્ત્રીઓ) |
|---|---|---|
| ૧. | | |
| ૨. | | |
| ૩. | | |
| ૪. | | |
| ૫. | | |
| ૬. | | |

| બાળકો | ઉંમર | કક્ષા |
| --- | --- | --- |

૧.

૨.

૩.

૪.

૫.

૬.

૭.

જો બધા ભેગા રહેતા હોય તો આગળનાં સવાલ પુછવા....

બધા ભેગા રહો એટલે રસોઇ પાણી સાથે...કરો છો .....

પૈસા બાબત કેવી રીતે વ્યવસ્થા કરો.......બધાની આવક ભેગી કરો, ખર્ચો કેવી રીતે કરો.

તમારી કુલ આવક :

કુટુંબની કુલ આવક .............. કુટુંબનો વ્યવસાય..............

ઘરમાં કોઇની મૃત્યુ કે, છુટા-છેડા વગેરેનો ઇતિહાસ

II Infrastructural Characleristics :

૧. ઘરમાં કુલ રૂમો

૨.

૩. ન્હાવાની વ્યવસ્થા.

૪. સંડાસની વ્યવસ્થા

(Above questions either to be observed or asked at the right, moment....)

૫. બાળકને કયાં બેસીને ભણવાની ટેવ છે ?

૬. ભણતી વખતે કે લખતી વખતે શાનો ઉપયોગ કરે છે. (. ટેબલ, ખુરશી, દફતર-પેટી, જમીન પર......)

૭. બાળક એની ચોપડીઓને અન્ય ચીજ વસ્તુઓ (લખોટી....રમકડાં...વગેરે) ક્યાં મૂકે છે, એને કોઇ બીજું હાથ લગાડે તો ગુસ્સો કરે ખરો.... કોઇ હાથ લગાડે ખરું....

૮. (Question to be asked to the teacher.....)
બાળક પાસે નિશાળ બાબત બધી જરૂરિયાત વસ્તુઓ છે કે નહી.....(દા.ત. પાઠક પુસ્તકો, નોટબુક, પેન્સીલ, રબર......)

૯. બાળકને નિશાળના અભ્યાસ સિવાય બીજો શાનો શોખ છે.....વાચન-વાર્તાઓનો, રમતનો, શોખ ખરો ? શું વાચવા / જોવા ગમે છે
(એની પાસે પાઠય પુસ્તકો સિવાય અન્ય પુસ્તકો, વાર્તાની ચોપડીઓ, રમકડાં વગેરે છે. કે નહીં એ જાણી લેવું )

૧૦. બહાર ક્યાં રમવા જાય છે ?

Section - III

તમે આખો દિવસ કેવી રીતે પસાર કરો છો ? (બાળકને કેટલો સમય આપે છે . એની નિશાળની તેયારી, સવારે નાસ્તો, દફતર વગેરે આપે છે કે નહી, એના લેસનનું ધ્યાન દિવસ દરમ્યાન બાળક નાં જમણ, ન્હાવાનું ધ્યાન વગેરે રાખે છે, ને કેવી રીતે તે જાણી લેવું )

બાળકના પપ્પા કામે કયારે જાય, એમનો પાછો આવવાનો સમય, પાછા આવ્યા પછી શું કરે ? (પિતાની રોજનિશી ને બાળકને અપાતું ધ્યાન જાણી લેવું ) બાળક સાથે સમય પસાર કરતા હોય તો એ દરમ્યાન શું કરે છે.....

બાળક આખો દિવસ શું કરતું હોય છે, એનું લેસન કોણ જુએ છે, નિશાળમાં કોણ મુકી આવે ને લઇ જાય છે, નિશાળથી આવીને તરત જ શું કરે છે....જમ્યા પછી.....બપોરે સાંજે......જમ્યા બાદ......ઉઠવાનો સમય......વગેરે

બાળક માટે ભણવાનો, રમવાનો સમય નિશ્ચિત ને નિયમીત હોય છે કે પછી એને મનફાવે ત્યારે રમે ને મન ફાવે ત્યારે ખાય.

રજાની દિવસે લગભગ તમારો શું કાર્યક્રમ હોય છે....બાળકોને કયા કયાં લઇ જાઓ છો. બાગમાં શું બતાડો છો, બાળમેળો, વિજ્ઞાનમેળો વગેરે જોવા લઇ જાઓ છો ખરા..

બાકીના કુટુંબજનીઓ કેવી રીતે દિવસ પસાર કરે છે ? એ નવરાશ ના સમયમાં શું કરે છે, એમને શામાં વધુ રસ છે...પીકચર જોવામાં, રમતમાં, સંગીતમાં....વગેરે (ભરતકામ કે સિવણ કામમાં)

ઘરમાં કામ બધા મળીને કરો છો કે પછી મોટા ભાગનું કામ એકના જ માથા ઉપર પડે છે ? બાળક કંઇ મદદ કરે છે ? (બાળકના ભાઇ-બહેનને પિતાજી શું કરે છે)

ઘરમાં બધાને કેવી ટેવ છે....બધું રોજ સમયસર હોય કે જે ને જેમ ફાવે તેમ કરે,
ને કંઇ ટાઇમનું ઠેકાણું ન હોય, આજે વહેલું તો કાલે મોડું એંકુજ ગાડું ચાલ્યા કરે...

રોજ-રોજના કામમાં થાક લાગતો હશે નહી..... ને ધ્યાન આપવા પણ એટલો સમય મળતો હશે, ને એમાં મહેમાનો આવે તો તો.....થઇ રહ્યુ નહીં.....આવામાં બાળકનું લેસન પણ રહી જાય....તો તમે શું કરો બાળકને કહો કે પછી ભણીશું કે બીજી બધી પ્રવૃત્તિઓ કરતાં એનું લેસન પહેલું જોવાય ?

એનો ભણવાનો સમય નક્કી કર્યો છે ? ક્યારે એણે ભણવા બેસવું કે રમવા જવું વિગેરે........

.......રોજ લેસન કરે છે, (જો કરતો હોય તો ) એની જાતે કરે છે કે પછી જરા એને બેસાડવો પડે એ જાતે કરે તો તમે પ્રોત્સાહન આપો. (જરા મસ્કો મારવો પડે)

બાળકનાં સ્કુલ વિશે કોણ વધુ જાણે તમે કે એના પિતાજી ? એના ટીચરનું નામ, એ શું શીખવે છે વગેરે ?

બાળકનાં સ્કૂલમાં કોઇ તકલીફ છે.....કોઇ વિષય એને અઘરો લાગે કે મિત્રો જોડે ઝગડો ...વગેરે કે ટીચર ની બાબતમાં કંઇ ફરીયાદ...

તમારા ઘરનાં સભ્યો નવરાશના સમયમાં શું કરે છે ? એમને શામાં વધુ રસ છે ? વાંચન, પીકચર, રમત-ગમત, સંગીતમાં અન્ય...

તમારા ઘરમાં કોઇને વાંચવાનો શોખ ખરો, કેવા પ્રકારનાં વાંચવા ગમે (ઉપન્યાસ, મેગેઝીન, કથાં, છાપું ) છાપાની વિગતો કે સમાચાર બાબત કોઇ ચર્ચા થાય ખરી, કેવી બાબત ઉપર, કોણ ચર્ચામાં વધારે ભાગ લે.

કોઇ પણ સંસ્થા અથવા સમાજમાં તમે સભાસદ ખરા....દા.ત. વ્યાયામ મંડળ, વૈજ્ઞાનિક સંસ્થા વગેરે....
નામો :

બાળક સરખી રીતે બોલે છે ? ઉચ્ચારમાં કે વ્યાકરણમાં ભૂલ કરે છે ? કેવી ભૂલ :

એનો શબ્દ ભંડોળ વધારવા તમે શું કરો છો ? (વાર્તા કહી, ચિત્રોના પુસ્તક બતાવો વગેરે...)

બાળક જો વધારે બોલતો હોય દા.ત. વાર્તા અગર નિશાળના અનુભવ કહેતો હોય તો તમે શું કરો. (ચૂપ બેસાડો કે ચાપલો ન થા બોલો )

બાળકો જોડે શું વાતો કરો એના સવાલના જવાબ કોણ આપે.

બાળક કે જો કંઇ ગેરવર્તન કર્યું હોય તો એને કેવી રીતે બતાવો કે આ સાચી વસ્તુ છે. મારીને કે સમજાવીને, ઘરમાં કંઇ બનાવ ઝગડો, મૃત્યુ બને તો તમે એને શી રીતે સમજાવો.

બાળક પાસેથી રોજના અભ્યાસની તમારી શું અપેક્ષા હોય....(નિયમીત ને ચોક્કસ કામ)

બાળક પરિક્ષામાં કેવું પરિણામ લાવે એવું ઇચ્છો છો.

બાળક મોટું થઇને શું બને એવુ ઇચ્છો છો.

નિશાળમાં બીજા પ્રવૃત્તિઓમાં ભાગ લે એવું ઇચ્છો છો .

બાળકને કેટલું ભણાવવા ઇચ્છો છો .

Home - Interaction Pattern

તમારે ત્યાં મહેમાનો આવ્યા છે, ને બાળક વધુ ધમાલ કરે તો તમે શું કરો ? એના પપ્પા શું કરે ?

જો........, રેડિયો, કાચની વસ્તુ કે એવી કોઇ વસ્તુ જે ને અડવા (હાથ લગાડવા) તમે ના પાડી છે એવી વસ્તુને મચડે તો તમે શું કરશો. પપ્પા ને બીજાં કુટુંબીજનીઓ શું કરે ?

તમે બહાર ખરીદી કરવા ગયા - હોય ને બાળક જેનું ગળું દુઃખતું હોય કે તેને તાવ હોય, આઇસ્ક્રીમ માટે હઠ કરે તો તમે શું કરો.

બાળક જો રોજ નિશાળે જતી વખતે તોફાન કરે અથવા રડે કે નથી જવું તો તમે શું કરો. (બીજાં - પપ્પા શું કરે )

......., એના ભાઇ કે બહેન જોડે અ.કાદ રમકડાં માટે બહુ ઝગડતો હોય તો તમે શું કરો.

.......એની પરીક્ષામાં ઘણી સારી રીતે પાસ થાય તો.......

જો તમને એવું લાગે કે બાળકએ એના ચીજ વસ્તુની જાતે સંભાળ લેવી જોઇએ તો તમે એને કેવી રીતે આ કામ કરાવો.

તમારે ત્યાં તહેવાર છે ને તમને ઘણું કામ છે જો........, તમને એના પ્રમાણમાં થોડી મદદ કરવાનો પ્રયાસ કરે તો તમે શું કરો.

નિશાળમાં કંઇ રમત અથવા રેસ હોય ને ........., છેલ્લો આવે તો......

જો તમને એમ લાગે કે બાળકએ જેટલું થાળીમાં છે એ બધું ખાવું જોઇએ તો તમે શું કરો.

બાળક જો બહાર (ઘરની બહાર ) રમતું હોય તો તમે શું કરો

(એને રમવાજ જવા ન દો, તમને એ પડી જશે કે કોઇના સાથે ઝગડશે એવી ચિંતા લાગ્યા કરે, તમે જ એના ભેગું રમવાનું પસંદ કરો, એને એકલો ન છોડો, એને કાળજી રાખવાની ચેતવણી આપો, એ ક્યાં છે એકાદ વાર જોઇ આવો, ક્યાંક રમતો હશે એમ સમજીને તમારું કામ કર્યા કરો.)

બાળક ઘરમાં કાંઇ રમતો હોય કે રસોડામાં કાંઇ આપ મેળે ફરતો હોય કે તમને મદદ કરતો હોય તો તમે શું કરો

(એના કામમાં દખલ કર્યા કરો કે આમ કર તેમ કર, તને વાગશે કરશે એવું કહ્યા રાખો, ધ્યાન રાખો પણ એને એના મેળે ખડબડ કરવા દો)

........., ને નિશાળમાંથી ઉજવણી કરવા કમાટી બાગ લઇ જવાના હોય તો તમે ...(ન જવા દો, એને અમુક વાતની ચેતવણી આપીને જવા દો, એને કંઇ પૂછો કરો નહી કે કયારે આવાનો છે કે કયારે જવાનો છે)

તમે બધાં કુટુંબજનીઓ બાગમાં ગયા હો ને ........., આમ તેમ આપ મેળે ફરે તો તમે શું કરો ?

તમે કે .........ના પપ્પા કંઇ કામ કરતા હોય, દા.ત. સાઇકલ રીપેર કરતા હોય ને બાળક કુતુહલ વશ વચ્ચમાં જોવા કરવા આવે તો......તમે કે એના પપ્પા શું કરે (મારીને ભગાડી મૂકો, વચ્ચમાં દખલ દે.વા ના પાડો, એને વાગશે એમ વિચારીને કંઇ કરવા ન દો, એને પણ ભેગો-ભેગો કામ કરવા આપો, એની તરફ ધ્યાન પણ ન આપો )

તમે જો બીસ્કીટ નું પેકેટ લાવ્યા હો ને તમારા એક બાળક ને આપો તો એ લોકો શું કરશે......(બધા મળીને ખાશે, તમને કહેવું પડે કે બધા મળીને ખાઓ, ઝગડો કરશે, એકલો ખાઇ જશે.)

રોજ સાંજે રમી કરીને આવે ત્યારે બાળકો ટાઇમ કેવી રીતે પસાર કરે છે. (સાથે હળીમળીને રમે છે, કે સાથે વાંચે છે, પોતપોતાનું કામ કરે છે, કાયમ ઝગડો કરતાં હોય છે, એક બીજાને ચિડવતા હોય છે.)

તમે બધા બાળકોને નિયમિત જુદા જુદા કામ સોંપી દીધા છે.

(બાળકો શું કરે છે....એક બીજાને મદદ કરે છે, પોત પોતાનું કામ કરી લે છે, કાયમ ઝગડો કરે છે, એક બીજાની ચાડી કરે છે....)

બધા બાળકોમાંથી એક બહુ જ હોંશિયાર છે, ને પરીક્ષામાં સારું પરિણામ લાવે છે.... બાળકો શું કરશે. (બધા એક એક બીજાની ઈર્ષા કરશે ચિડવશે, બહુ રોફ મારશે, એક બીજાને પ્રોત્સાહન આપશે, કોઈને કોઈની પડી ન હોય )

બાળકોમાં કંઈ કારણસર ઝગડો થયો હોય ને તમે બધાને ખૂબ વઢયા હોય તો ....
(બાળકો તો પાછા સાથે ને સાથે, કોઈ એક બીજાને નહીં પૂછે, એક બીજા જોડે બોલવાનું બંધ કરશે, દિવસો પછી પણ ઝગડાને યાદ કરશે....)

મોટે ભાગે ઘરનું વાતાવરણ કેવું હોય છે ? દા.ત. જુદા જુદા કામોની જવાબદારી કોણી.....એનાથી કોઈ ઝગડો કે બોલાચાલી, પૈસાની બાબત પરથી કંઈ ઝગડો.... વગેરે......

રોજ જમતી કરતી વખતે વાતાવરણ કેવું હોય છે... અથવા જમતી વખત બધા શું વાતો કરે.....(આમ તેમ ના ગપ્પાં, ઝગડો કે બોલાચાલી થાય તેવી વાતો)

કુટુંબના અન્ય સભ્યો વચ્ચે અથવા ........ ના પખમાને તમારા વચ્ચે કોઇ અણગમતો બનાવ બન્યો હોય તો તમે શું કરો......(બાળકો, સામે પણ ઝગડો, બાળકો સુધી ઝગડો ન પોંહચવા દો, ચૂપચાપ બેસી રહો, બાળકો ઉપર ગુસ્સો ઉતારો)

રવિવાર કે રજાના દિવસે કુટુંબનું વાતાવરણ ..... કુટુંબ શું કરે..........

ઘરમાં બધા વ્યકિતઓ નો સ્વભા વ કેવા ......... જેના કારણે કોઇ બોલાચાલી થયા કરે ખરી....

કુટુંબમાં બધા નિર્ણય કોણ લે એ કારણે કોઇ ......તણાવ ઘરમાં ખરો.....

૧. કોઇ વાર જો તમે તમારા કોઇ ઓળખીતાઓને ત્યાં ગયા હોય તો શું .........
એવી રીતે આમ તેમ ફરે છે કે વગર સંકોચે રમે છે ?

- મોટે ભાગે 'હા'
- કોઇ-કોઇ વારે જાય.
- ના એમ જ બેસી રહે.

૨. ઘરે બાળક એની જાતે રમે કે (બા, ફોઇ, દાદીમા, કાકા) કોઇને કોઇ મોટાઓ
પાછળ જ ફર્યા કરે છે.

- હા, કાયમ કોઇને કોઇની પાછળ જ હોય છે.
- ક્યારેક એવું કરે.
- ના, એવું નથી કરતો/કરતી

૩. મિત્રો ને સગા સંબધી જોડે વગર સંકોચે હળી મળે છે.

- મોટે ભાગે 'હા'
- ક્યારેક જ એવું કરે.
- ના, એને એવું નથી ફાવતું / શરમાય છે.

૪. કુટુંબજનો જો કોઇ વાર માંદા કે દર્દમાં હોય તો........આવીને સહાનુભૂતી
જતાવે છે. (પુછપરછ કરે કે તમને દુઃખ છે, પાણી આપવામાં મદદ કરે )

- મોટે ભાગે કરે.
- કોઇ-કોઇ વાર કરે.
- ના, એવું ન આવડે / કે એવું ધ્યાનમાં ન આવે.

૫. કોઇપણ કાર્ય એ કરે તો એક પ્રકારનું ધ્યાન રાખીને (હેતુપૂર્વક) કરે છે, દા.ત.
કઇ રમતો હોય કે ચિત્ર દોરતો હોય તો એ શું કરે છે યા કરવાનો છે. કહેશે.

- મોટે ભાગે 'હા'
- કોઇ-કોઇ વાર કરે.
- ના, એ તો આમ જ રમ્યા કરે.

૬. એક રમત કે વસ્તુ પર ધ્યાનથી બેસી શકે છે / એક રમત લઇને પછી તરત
બીજી લે....

- મોટે ભાગે એવી ટેવ ખરી.
- કોઇ વાર એવું કરે.
- ના, લગભગ એવું નથી કરતો /કરતી.

૭. જુદી જુદી વસ્તુઓ (રસોડાની ચીજો) અથવા સાધનો (સ્ક્રુ ડ્રાઇવર વગેરે) કે એવા
રમકડાંઓ રમવા ગમે છે. / રમે છે.

- મોટે ભાગે 'હા'
- કોઇ કોઇ વાર જ.
- ના, નથી ગમતું.

૮. જો રમકડાં કે બીજા સાધનો ન હોય તો પોતે પોતાની કલ્પનાથી નવા રમકડાં કે સાધન બનાવશે. દા.ત. નારિયેળની કાછલી ના રમકડાં, ઝાડુ ની ગાંઠ વગેરે

- મોટે ભાગે એવું કરે છે.
- કયારે ક કયારેક કરે.
- ના, એવું એ નથી કરતો.

૯. પોતાના દૈનિક કાર્ય-એકી જવું, હાથ પગ ધોવા, જમવું વગેરે જાતે કરે છે કે તમારે મદદ કરવી પડે, શા માં મદદ કરવી પડે ?

- મોટે ભાગે જાતે કરે છે.
- કોઇ કોઇ વાર મદદ કરવી પડે.
- આપણે એને બધું કરાવું પડે.

૧૦. પોતાની ચીજ વસ્તુઓની જાતે જ કાળજી રાખે છે. (દા.ત. પોતાનાં રમકડાં ચોપડીઓ સાચવીને મુકે છે. આમ તેમ ફેંકે છે યા ફાડી નાખે છે.

- મોટે ભાગે સાચવે છે.
- કોઇ-કોઇ વાર આમ તેમ થઇ જાય.
- ના, આપણે જ બધું કરવું પડે.

૧૧. નવું શીખવા માટે રસ ધરાવે છે ? જેવું કે - દોરડી કુદવી, ચિત્રકામ, દોડવામાં

- મોટે ભાગે રસ ધરાવે છે.
- કયારેક જ કે અમુક બાબત શીખવવામાં જ રસ ધરાવે.
- ના, એને બહુ કશામાં રસ નથી.

૧૨. એ કઇ-કઇ રમત રમે છે ? બહારની - અંદરની ? કોની સાથે રમે છે ? રમવામાં ઉત્સાહ ને રસ ખરો ? વધુ રસ રમવાનો પ્રયત્ન કરે ખરો ?

- મો ટે ભાગે કરે.
- કયારેક જ કરે.
- ના, એવો ઉત્સાહ ઓછો.

૧૩. ઘરકામમાં (એને બને તેવી) મદદ કરે છે. ખાસ કરીને જે એને બતાવવામાં આવે.

- મોટે ભાગે કરે છે.
- કોઇ કોઇ વાર કરે.
- ના, કરે.

૧૪. જો મમ્મી-પપ્પા અથવા ઘરની બીજી કોઇ પણ વ્યકિત જો કંઇ કામ કરતાં હોય તો ......... જેમાં રસ લે છે તે મદદ કરે છે. જાતે કરે કે કહેવામાં આવે ત્યારે.

- લગભગ કરે છે.
- કોઇ કોઇ વાર કરે.
- નથી કરતો.

૧૫. જુદા જુદા વિષયો (પ્રાણી, રાતદિવસ, સૂર્ય-ચંદ્ર, રમતો) બાબત જાણવાની ઇન્તેજારી રાખે છે. ઘણાં પ્રશ્ન પૂછે છે.

- મોટે ભાગે પૂછે છે.
- કોઇ-કોઇ વાર જ પૂછે છે / અમુક વિષય બાબત જ પૂછે છે.
- ના, નથી પૂછતો.

૧૬. જો કોઇ શૈક્ષણિક કે માહિતીપૂર્વક વાતો (મુસાફરીની, જુદા જુદા રમતોની વગેરે) કરતા હોય અથવા કહેતા હોય તો રસપૂર્વક ને ધ્યાનથી સાંભળે છે.

- મોટે ભાગે સાંભળે છે.
- કોઇ-કોઇ વાર સાંભળે.
- ના, નથી સાંભળતો / એમાં બહુ રસ નહી / રમતિયાળ છે.

૧૭. એને કશું જોઇએ કરે, કે એને કાંઇ લાગે, કે એનો અભિપ્રાય હોય તો કહે છે ?

- મોટે ભાગે કહે છે.
- કોઇ વાર જ કહે છે.
- ના, મનમાં રાખે છે / બીએ છે / મૂંઝાય છે.

૧૮. વિવિધ વિષયો-વસ્તુઓ (દા.ત. નિશાળમાં જે કાંઇ થયું હોય, વાર્તાઓ) લાંબી વાતો કરે છે ?

- મોટે ભાગે કરે છે.
- મનમાં હોય તો કરે કોઇ-કોઇ વાર.
- ના, નથી કરતો / ઓછું બોલે / પૂછીએ તો જ બોલે.

૧૯. ઘરનાં આરોગ્ય કે ચોખાઇના નિયમો પાલન કરવાની કોશિષ કરે છે.

- મોટે ભાગે કરે છે.
- કોઇ-કોઇ વાર કરે / કહેવું પડે.
- ના, પરાણે કરાવવું પડે / જાતે ન કરે.

૨૦. બાળક પોતાની જાતની સંભાળ રાખે છે. (સલામતી ના નિયમો ધ્યાન રાખે છે)

- મોટે ભાગે રાખે છે.
- કોઇ-કોઇ વાર રાખે.
- ના, નથી રાખતો / એને એનું જ્ઞાન જ નથી હોતું.

૨૧. ખરાં - ખોટાં વિશે સમજે છે ને તે પ્રમાણે વર્તે છે ? ( દા.ત. ચોરી, જુઠું બોલવું, કોઇની વસ્તુ લેવી એ બાબત નિયમો )

- મોટે ભાગે તો ધ્યાન રાખે છે.
- કોઇ કોઇ વાર ભૂલી જાય છે.
- ના, સાવ સાંભળતો જ નથી.

૨૨. કઇ ભૂલમાં ખોટું કર્યું હોય તો સમજાવાથી એની ભૂલ કબુલ કરે છે ?

- મોટે ભાગે કરે છે.
- ના કોઇ કોઇ વાર વાત ગળે નથી ઉતરતી.
- ના, આડો થઇ જાય તો સાંભળે જ નહીં.

૨૩. પોતાની ચીજ વસ્તુ રમકડાં ચોપડીઓ વગેરે બીજા બાળકો ને રમવા કરવા આપે છે ?

- લગભગ તો આવે જ છે / બધાને ભેગા કરીને રમવાની ટેવ છે.
- ક્યારે ક ક્યારે ક જ આપે.
- ના, એકલા રમવાની આદત છે.

૨૪. બીજા બાળકો જોડે ભળે છે, રમે છે ? (સંતાકુકડી, સમૂહ રમત વગેરે ) કે પછી નાની નાની બાબતમાં ઝગડો કરે છે ? કેવો ઝગડો ?

- મોટે ભાગે રમે છે.
- કોઇ-કોઇ વાર મનમાં હોય મેનો રમે.
- ના, એકલા રમવાની આદત છે.

૨૫. નિશાળ ની પ્રવૃત્તિઓ (વાચન, લેખન, ગાયન) માં ચપળતા પૂર્વક ને ખંતથી મહેનત કરે છે.

- કાયમ કરે છે / મોટે ભાગે કરે છે.
- ના કહેવું પડે છે / કોઇ-કોઇ વાર કંટાળી જાય..
- ના સાવ કરતો જ નથી. / રમતિયાળ છે / પરાણે કરાવું પડે છે.

૨૬. કોઇ પણ નવી પ્રવૃત્તિ રસથી કરે કે લગભગ નીરસ જ હોય છે.

- મોટે ભાગે રસથી કરે છે.
- કોઇ-કોઇ વાર જ રસ દાખવે છે. અમૂક બાબતમાં જ રસ ધરાવે છે.
- ના કશામાં રસ નથી હોતો.

૨૭. નજીકના દુકાનમાંથી કે પાડોશીના ત્યાંથી જો કઈ લઇ આવવા કહીએ તો તે લઇ આવે છે ?

- મોટે ભાગે લઇ આવે.
- કોઇ - કોઇ વાર લઇ આવે.
- ના, એને એવી સમજ ના પડે.

૨૮. માતા-પિતા ( કે અન્ય કુટુંબઓ કઇ કરતા હોય તો એ પણ આવી ને કરે છે ? કઇને પણ કરવા આવે છે ?

- મોટે ભાગે આવે છે.
- કોઇ વાર આવે
- ના, નથી આવતો .

૨૯. બીજા જોડે છુટથી વાત કરે કે શર્મ આવે ?( ઘરમાં વાઘ ને બહાર.......)

- મોટે ભાગે કરે.
- કોઇ કોઇ વાર કરે.
- ના, નથી કરતો / શરમાય છે / બીએ છે.

૩૦. કોઇ સમારંભ માં ગયા હોય તો પોતાની વર્તણુક પર અંકુશ રાખી શકે છે. (આમ તેમ દોડવું કે તોડફોડ કરવી કે ગમે ત્યાં હાથ લગાડવો )

- મોટે ભાગે સરખી રીતે વર્તે છે.
- કોઇ-કોઇ વાર જ સરખો રહે છે.
- ના, સાવ સાંભળતો જ નથી.

૩૧. એને કોઇ પણ કાર્ય કરવા આપવામાં આવે તો 'હું નહી કરી શકું એમ કહેશે '?

- મોટે ભાગે એવુ કહેશે.
- કોઇ કોઇ વાર કરશે.
- ના, કાયમ કોઇ પણ કામ કરશે / અથવા કરવાની તૈયારી બતાવશે.

૩૨. કોઇ પણ કાર્ય કરવા માટે આનાકાની / (ઠચુપચુ)/ થશે ને બીજાની મદદ માગશે ?

- મોટે ભાગે મદદ માગશે.
- કોઇ વાર મદદ માગે.
- ના, જાતે કરી નાખશે.